જાહેરનામું

પોલીસ કમિશ્નર કચેરી, અમદાવાદ શહેર.

જાહેરનામાં ક્રમાંક.ગ/ઉપક/લાયસન્સ શાખા/ 3 /૨૦૨૦ તા.૨/ ૧/૨૦૨૦

ફોન નં.૦૭૯ - ૨૫૬૨૦૦૫૩

જાહેરનામુ :

છેલ્લા કેટલાક સમયથી ઉત્તરાયણ વિગેરે તહેવારો વખતે ચાઈનીઝ તુક્કલ(સ્કાય લેન્ટર્ન) ખુબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. અને ચાઈનીઝ દોરી, કાચની પાયેલ દોરી વડે પતંગ ચગાવવામાં ઉપયોગ કરવામાં આવે છે. તુક્કલ(સ્કાય લેન્ટર્ન)માં હલકી ક્વોલીટીના સળગી જાય તેવા વેક્સ પદાર્થોના કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે અને લોકો, પશુપક્ષીના જાનમાલને પણ હાની પહોંચે છે. આથી આવી બાબત નિવારવા પ્રતિબંધ મુકવો જરૂરી છે.

વાસ્તે હું આશિષ ભાટીયા પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ ૧૪૪ અને ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(યુ), ૧૧૩ અન્વયે મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર, પોલીસ કમિશ્નરની હદ વિસ્તારમાં આવેલ જગ્યાઓએ તુક્કલ (સ્કાય લેન્ટર્ન)નાં આયાત, ઉત્પાદન, વેચાણ, વ્યાપાર સંગ્રહ અને ઉડાડવા ઉપર અને કોઇ વ્યક્તિઓએ પશુ, પક્ષીઓને, કોઇ મિલકતને ભય, ઈજા, ધાસ્તી થાય એવી રીતે પતંગ ઉડાવવો તે અંગ પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ આઈ.પી.સી. ની કલમ-૧૮૮ અને ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ ની કલમ-૧૩૧,૧૧૭ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો અમલ તા.૦૩/૦૧/૨૦૨૦ થી તા.૧૭/૦૧/૨૦૨૦ સુધી રહેશે.

આજ રોજ તા.૨/૦૧/૨૦૨૦ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવેલ છે.

(આશિષ ભાટીયા)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના :

૧. મેનેજરશ્રી ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
   ૨/- ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસીધ્ધ કરવા સારૂ
૨. અધિક મુખ્ય સચીવશ્રી ગ્રૃહ વિભાગ ગુજરાત સરકાર સચીવાલય ગાંધીનગર.
૩. પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.પોલીસ ભવન ગાંધીનગર.

૪. કલેકટરશ્રી જીલ્લા કલેકટરની કચેરી સુભાષબ્રીજ અમદાવાદ.
૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ ગુ.રા. અમદાવાદ (૫ નકલ)
૬. રજીસ્ટ્રારશ્રી સિવીલ અને સેશન કોર્ટ ભદ્ર અમદાવાદ (૫ નકલ)
૭. રજીસ્ટ્રારશ્રી સેસન્સ કોર્ટ ભદ્ર અમદાવાદ (૫ નકલ)
૮. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘી કાંટા અમદાવાદ (૨૫ નકલ)
૯. મ્યુનીસિપલ કમિશનરશ્રી દાણાપીઠ અમદાવાદ શહેર.
૧૦. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી સીટી સીવીલ અને મેટ્રોપોલીટનની કોર્ટ અમદાવાદ શહેર.
૧૧. સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી અમદાવાદ શહેર.
૧૨. માહિતી નિયામકશ્રી સચિવાલય ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમા પ્રસીધ્ધ કરાવવા સારુ.

<u>નકલ રવાના :</u>

૧. સંયુકત પોલીસ કમિશનરશ્રી સેકટર-૧ અને અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૨, ક્રાઈમ, વિશેષ શાખા તથા મુખ્ય મથક, ટ્રાફિક અમદાવાદ શહેર.
૨. નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન ૧ થી ૭ અમદાવાદ શહેર.
૩. મદદનીશ પોલીસ કમિશનરશ્રી એ થી એન ડિવિઝન અમદાવાદ શહેર.
૪. જનસંપર્ક અધિકારી કન્ટ્રોલ રુમ અમદાવાદ શહેર.
૨/- જાણસારુ દૈનિક પત્રોમાં, દૂરદર્શન, આકાશવાણી ઉપર પ્રસીધ્ધ કરવા સારુ.
૫. મદદનીશ પોલીસ કમિશનરશ્રી ટ્રાફિક બ્રાન્ચ અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફિક મોબાઈલ, વાન મારફતે જાહેરનામાની જાણ કરવા સારુ.
૬. તમામ પોલીસ ઈન્સ્પેકટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર.
૨/- જાણ સારુ તેમજ પો.સ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારુ જાહેરનામાની એક નકલ તમારા વિસ્તારમાં આવેલ કલબ/જીમખાના ના સંચાલક/ મેનેજરને સુપ્રત કરીને બીજી નકલ ઉપર તેમની સહી મેળવી પો.સ્ટે રેકર્ડમાં રાખવુ.